Letter No: SJED/0046/08/2023 Dt: 07-08-2023

અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના મદદનીશ શિક્ષક (ઉચ્ચત્તર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ(કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત.(કૂલ-૧૨૭)

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:SJED/EOD/e-file/17/2023/1942/J Section

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૮/૨૦૨૩.

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૬૮૮૫૪૬/જ,

(૨) આ વિભાગનો તા.૨૨/૧૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:-અનશ/૧૦૨૦૧૯/૬૦૭૬૧૮/ન. બા.૧૪/ગ.

(૩) આ વિભાગનો તા.૨૫/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/EOE/e-file/17/2023/0039/G.

(૪)નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૩/૦૬/૨૦૨૩નો પત્ર નં.અજાક/મકમ/૫/૧૧૩૭/૨૦૨૩/ક.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના મદદનીશ શિક્ષકો (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગનું સંખ્યાબળ **કૂલ-૧૧૭** નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા(કુ), પાટણ,આદર્શ નિવાસી શાળા(ક), અમરેલી અને આદર્શ નિવાસી શાળા(ક),સુરત એમ કૂલ-૦૩ શાળાઓ ખાતે ધોરણ-૧૧નો વર્ગ શરૂ કરવા મદદનીશ શિક્ષક (ઉચ્ચત્તર માધ્યમિક)ની **નવી ૦૬** જગ્યાઓ મંજૂર થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૫/૦૪/૨૦૨૩ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા(કુ), પાટણ,આદર્શ નિવાસી શાળા(ક), સુરત એમ કૂલ-૦૨ શાળાઓ ખાતે ધોરણ-૧૨નો વર્ગ શરૂ કરવા મદદનીશ શિક્ષક (ઉચ્ચત્તર માધ્યમિક)ની **નવી ૦૪** જગ્યાઓ મંજૂર થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક)ની નવી મંજૂર થયેલ **૧૦ જગ્યા** અન્વયે **કૂલ-૧૨૭** જગ્યાનું સંખ્યાબળ **નક્કી** કરવા દરખાસ્ત કરેલ છે,જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા(અ.જા.) હેઠળના મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગમાં **નવી કૂલ ૧૦** જગ્યાઓ ઉભી થતાં, હાલના **કૂલ ૧૧૭ના** સંખ્યાબળમાં વધારો થતા, મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગનું સંખ્યાબળ **કૂલ ૧૨૭** નક્કી કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature valid
Signed by:H T Sohel
Section Officer
Date: 2023.08.07
11:57:15 +05:30

File No: SJED/EOD/e-file/17/2023/1942/J Section
Approved By: Jigar Patel(DS,J Section,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: SJED/0046/08/2023 Dt: 07-08-2023

( હેતલ ગોહેલ )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

૧.અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.)ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

૨.અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત મદદનીશશ્રી,નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

૩.અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

૪.સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,૨/૧,કર્મયોગી ભવન,નિર્માણ ભવનની પાછળ,સેક્ટર-૧૦/એ,ગાંધીનગર.(પત્ર દ્વારા)

૫.નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

૬.સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.

Signature valid
Signed by:H T Gohel
Section Officer
Date: 2023.08.07
11:57:15 +05:30

File No: SJED/EOD/e-file/17/2023/1942/J Section
Approved By: Jigar Patel(DS,J Section,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*